જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૧૧/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૧૪૪/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૫/૧૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૨૭	૦	૧૧૭૨૭	૧૭૮૩૭	૦	૧૭૮૩૭
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૧	૦	૧૨૧	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૪૧૯૯	૪૫	૭૪૨૪૪	૭૫૨૯૫	૪૭	૭૫૩૪૨
કુલ		૯૦૭૮૦	૪૫	૯૦૮૨૫	૯૯૮૧૧	૪૭	૯૯૮૫૮

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	**MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ**
૧	અમદાવાદ શહેર	૫૭	૪,૪૯,૯૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૬૭	૪,૬૭,૦૦૦/-

વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

એલ.સી.બી. ઝોન-૧

નારણપુરા પોલીસ સ્ટેશનનો સાઇકલ ચોરીનો કુલ-૦૨ ગુના ડીટેક્ટ કરતી એલ.સી.બી. ઝોન-૧

અમદાવાદ શહેરમાં મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ પોલીસ કમિશ્નર શ્રી સાહેબના હુકમથી અધિક પોલીસ કમિ. શ્રી સેકટર-૧ તથા નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૧ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. ઝોન-૧ પો.સબ ઈન્સ.શ્રી કે.એલ.ખટાણા તથા અ.હેડ.કોન્સ. મુકેશગીરી જગદીશગીરી બ.નં-૯૪૪૦ તથા પો.કોન્સ. દિપકકુમાર ઇશ્વરભાઇ બ.નં-૬૨૮૬ તથા પો.કોન્સ.પરેશભાઇ ભગવાનભાઇ બ.નં-૮૪૬૩ નાઓ સાથે ઝોન-૧ વિસ્તારના વાહન /સાઇકલ ચોરીના ગુનાઓ તેમજ અન્ય મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ મિલ્કત સબંધી ગુનાઓ તથા નાસતા/ફરતા આરોપીઓ શોધવા સારૂ ઝોન-૧ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.કોન્સ.પરેશભાઇ ભગવાનભાઇ નાઓની બાતમી આધારે આરોપી નામ હરેશભાઈ સ/ઓફ સંજયભાઈ રાવત ઉવ-૨૨ ધંધો-મજૂરીકામ રહે- રામલાલનો ખાડો લાલાકાકાના હોલની સામે સુતરીયા સોસાયટી માધુપુરા અમદાવાદ શહેર મૂળ રહે- ગામ-રગપુર તા- વિસનગર જી-મહેસાણાનાઓ તા-૨૪/૧૧/૨૦૨૧ ના કલાક-૨૦/૩૦ વાગે સી.આર.પી.સી કલમ ૪૧(૧)(ડી) મુજબ અટક કરી તેની પાસેથી હીરો સાઇકલ કંપની હીરો સ્પ્રીટ મોડલની સાઇકલ જેની કિમત રૂ-૭,૦૦૦/- ગણી શકાય જે મુદ્દામાલ કબ્જે કરી આરોપી પકડી પાડી (૧) નારણપુરા પોલીસ સ્ટેશન પાર્ટ "એ"૧૧૧૯૧૦૩૪૨૧૧૫૪૮ ની ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ તથા (૨) પાર્ટ "એ"૧૧૧૯૧૦૩૪૨૧૧૬૨૦ ની ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો ડીટેક્ટ કરી પકડાયેલ આરોપી મુદ્દામાલ સહિત નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે સોંપી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.તા-૦૮/૧૧/૨૦૨૧



અમદાવાદ શહેરમાંથી થયેલ વાહન ચોરીના કુલ-૦૩ ગુના ડીટેક્ટ કરી આરોપી પકડી પાડતી એલ.સી.બી. ઝોન-૧

અમદાવાદ શહેરમાં મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ પોલીસ કમિશ્નર શ્રી સાહેબના હુકમથી અધિક પોલીસ કમિ. શ્રી સેકટર-૧ તથા નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૧ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. ઝોન-૧ પો.સબ ઈન્સ.શ્રી કે.એલ.ખટાણા તથા મ.સ.ઇ. જીવણભાઇ મેઘજીભાઇ બ.નં-૭૫૫૦ તથા મ.સ.ઇ. રેવાભાઇ હમીરભાઇ બ.નં-૪૭૦૨ તથા પો.કોન્સ. વિપુલસિંહ પીરાજી બ.નં- ૫૧૮૩ તથા પો.કોન્સ. પરેશભાઇ ભગવાનભાઇ બ.નં-૮૪૬૩ નાઓ સાથે ઝોન-૧ વિસ્તારના વાહન ચોરીના ગુનાઓ તેમજ અન્ય મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ મિલ્કત સબંધી ગુનાઓ તથા નાસતા/ફરતા આરોપીઓ શોધવા સારૂ ઝોન-૧ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે તે દરમ્યાન સાથેના મ.સ.ઇ. જીવણભાઇ મેઘજીભાઇ નાઓની બાતમી આધારે આરોપી સુનિલ ઉર્ફે સોમો સ/ઓફ વીરમલભાઈ કટારા ઉવ-૨૧ ધધો-મજૂરી કામ રહે- કિષ્ણા ડેરી પાસે આવેલ છૂટાછવાયા મકાન મેમનગર ઘાટલોડીયા અમદાવાદ શહેર મૂળ રહે- હરિયાત ફલા પો.સ્ટ માથુગામડા પાળ ડુગરપુર રાજસ્થાનનાઓને તા-૨૪/૧૧/૨૦૨૧ ના કલાક-૧૮/૦૦ વાગે સી.આર.પી.સી કલમ ૪૧(૧)(ડી) મુજબ અટક કરી તેની પાસેથી કુલ-૦૩ વાહનો મળી કુલ્લે કિ.રૂ-૬૫,૦૦૦/-નો મુદામાલ સી.આર.પી.સી કલમ ૧૦૨ મુજબ કબ્જે કરવામાં આવેલ છે તેમજ પકડાયેલ આરોપી મુદ્દામાલ સહિત ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે સોંપી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે

શોધાયેલ ગુનાની વિગત

(૧) ગુજરાત યુનિવર્સીટી પો.સ્ટે. પાર્ટ "એ"૧૧૧૯૧૦૧૭૨૧૧૩૭૫ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ

(૨) નારણપુરા પો.સ્ટે પાર્ટ "એ"૧૧૧૯૧૦૩૪૨૧૦૦૩૯૦ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ

(૩) ઘાટલોડીયા પો.સ્ટે. પાર્ટ "એ"૧૧૧૯૧૦૪૪૨૧૧૨૦૦ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ

આરોપી પાસેથી કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ

(૧) હોન્ડા કંપનીનુ એકટીવા જેની કિમત રૂ-૨૫,૦૦૦/-ગણી શકાય

(૨) હીરો હોન્ડા કંપનીનુ સી.બી સાઇન મોડલનુ ગ્રેની ગ્રે કલરનુ મો.સા. જેની કિમત રૂપિયા-૨૫,૦૦૦/- ગણી શકાય

(૩) યામાહા કંપનીનુ એફ.ઝેડ મોડલનુ મો.સા. જેની કિમત રૂપિયા- ૧૫,૦૦૦/- ગણી શકાય



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૧૪૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૮ કેસ કરી, ૫૬ વ્યક્તિઓને ઝડપી, ૧૮૫ લીટર દેશી દારૂ, ૨૯૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ કાર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૫,૨૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૧૪૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૧૪૭/૨૦૨૧**

ખોખરાઃ નિર્મળસિહ જુવાનસિંહ વાઘેલા (ઉ.વ.૪૫) (રહે. કર્ણાવતીપાર્ક સોસાયટી બરોડા એક્ષપ્રેસ હાઇવે સામે મણીનગર પુર્વ) એ તા.૨૫/૧૧/૨૦૨૧ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૭/૨૦૨૧ ના રોજ ફેસબુક પર કલ્યાણા બોધાન નામની વ્યક્તિ સાથે નિર્મળસિહની મિત્રતા થઈ હતી. જેઓએ તા.૦૪/૦૮/૨૦૨૧ ના રોજ લંડનથી ભારત આવવાની વાત કરી હતી. તા.૦૪/૦૮/૨૦૨૧ ના રોજ નિર્મળસિહ વાઘેલાના મોબાઈલ પર મોબાઈલ નંબર ૯૩૬૨૨૯૮૯૭૦ ના ધારકે રાઘવેન્દ્રસિહ નામ જણાવી દિલ્હી એરપોર્ટ ખાતેથી કસ્ટમ અધિકારી વાત કરતા હોવાની ઓળખ આપી જણાવેલ કે લંડનથી તમારા મિત્ર કલ્યાણા બોધાન દિલ્હી એરપોર્ટ ખાતે લંડનની કરંસી લાવેલ છે તે પેટે ટેક્સ ભરવાનો થતો હોઈ ટેક્સ ના ભરે ત્યા સુધી એમને છુટા કરવામાં આવશે નહી તેમ કહી વિશ્વાસમાં લઈ તેમના ખાતામાં રૂપિયા ૭૫,૦૦૦/- ઓનલાઇન ટ્રાન્સફર કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વાય.એસ.ગામીત ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૨૧૪૮/૨૦૨૧**

નવરંગપુરાઃ બિપીનભાઇ સ/ઓ રતીલાલ મણીયાર (રહે.વિનાયક એપાર્ટમેન્ટ સ્વસ્તિક સોસાઇટી સામે રીલાયન્સ ફેસ પાસે લખુડી સર્કલ નવરંગપુરા) એ તા.૨૫/૧૧/૨૦૨૧ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૧/૨૦૨૧ રાતના ૮/૦૦ થી તા.૨૫/૧૧/૨૦૨૧ કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરી તોડી તિજોરીમાંથી સોનાની બુટ્ટી એક જોડી કિમત રૂપિયા ૨૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એચ.મીસ્ત્રી ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૨૧૪૯/૨૦૨૧**

બાપુનગરઃ સિકંદરભાઇ ઇબ્રાહીમભાઇ મન્સુરી (ઉ.વ.૭૫) (રહે. રાજકમલ એસ્ટેટ સોનીની ચાલી બ્રિજ પાસે રખિયાલ બાપુનગર) એ તા.૨૫/૧૧/૨૦૨૧ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સિકંદરભાઈ મન્સુરીના પુત્રના મિત્રની કાર હુન્ડાઇ કંપનીની આઈ-૨૦ નંબર જીજે ૨૭ ડીબી ૭૮૬૧ કિમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- સિકંદરભાઇ મન્સુરી વાપરતા હતા. સિકંદરભાઇ મન્સુરીના કારખાનામાં કામ કરતા આરોપી દીનેશ (જેના પુરા નામ સરનામાની ખબર નથી) સિકંદરભાઇ મન્સુરીના ઘરમાંથી કારની ચાવીની ચોરી કરી તા.૨૩/૧૧/૨૦૨૧ કલાક ૦૦/૩૦ વાગે રાજકમલ એસ્ટેટ સોનીની ચાલી બ્રિજની પાસે રખિયાલ બાપુનગર પાર્કીંગમાંથી કાર ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.પટેલ ચલાવે છે.

ત્રીજા/ચોથા માળથી પડી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૨૧૫૦/૨૦૨૧**

પાલડીઃ પાલડી ફતેપુરા આનંદનગર સોસાયટી ઝડેશ્વર એપાર્ટમેન્ટ ખાતે રહેતા મૌલિકભાઈ ભરતભાઈ ઝવેરીનો ૧૫ વર્ષનો પુત્ર અર્હમ તા.૨૫/૧૧/૨૦૨૧ કલાક ૯/૪૫ વાગ્યાના સુમારે પોતાના રહેણાંકના ત્રીજા માળથી નિચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેને એસ.વી.પી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૫/૧૧/૨૦૨૧ કલાક ૧૦/૪૫ વાગે તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ચિરાગભાઈ બાબુભાઈ ચલાવે છે.

નારોલઃ નારોલ અસલાલી હાઇવે શ્રી હરી ફ્લેટ ખાતે રહેતા શીરીશકુમાર દેવેન્દ્રકુમાર શર્માનો તેર વર્ષનો પુત્ર યુંગાકરાજ તા.૨૪/૧૧/૨૦૨૧ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંકના ચોથા માળથી નિચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૫/૧૧/૨૦૨૧ કલાક ૨/૩૦ વાગે તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.આર.આમલીયાર ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૧૫૧/૨૦૨૧**

નરોડાઃ પુરીબહેન ડો/ઓ અરવિંદભાઇ ચુનારા (રહે. ખોડીયાર ચેમ્બર મામા કલ્યાણ મંદિર સામે નરોડા ગામ) એ અગમ્ય કારણસર તા.૨૫/૧૧/૨૦૨૧ કલાક ૬/૦૦ થી ૧૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશભાઈ સુકાભાઈ ચલાવે છે.

ગોમતીપુરઃ સગીરએહમદ મો.શરીફ શેખ (ઉ.વ.૨૯) (રહે. નાગપુર વોરાની ચાલી ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૨૪/૧૧/૨૦૨૧ રાતના ૧૦/૫૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં નાયલોનની પાટી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.ચાવડા ચલાવે છે.

વસ્ત્રાપુરઃ ભાગ્યદીપસિંહ મહિપતસિંહ ચૌહાણ (ઉ.વ.૨૬) (રહે. અંબિકા સોસાયટી આદરોડા ચોકડી તા-બાવળા) એ અગમ્ય કારણસર તા.૨૪/૧૧/૨૦૨૧ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે વસ્ત્રાપુર તળાવ ખાતે પોતાની કારમાં બેસી ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સ્ટર્લીંગ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૫/૧૧/૨૦૨૧ કલાક ૬/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયંતિભાઇ ચલાવે છે.

શાહીબાગઃ જયંતિભાઇ ભીખાભાઇ પરમાર (ઉ.વ.૫૨) (રહે. કડીયાની ચાલી, મોહન સિનેમા સર્કલ પાસે, અસારવા, શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૨૫/૧૧/૨૦૨૧ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જીગ્નેશકુમાર મનુભાઇ ચલાવે છે.

અમરાઈવાડીઃ શોભાબહેન વા/ઓ ગોપાલભાઇ દંતાણી (ઉ.વ.૪૦) (રહે. ઓરડી નંબર-૨ ભલાભાઇ રબારીની ચાલી નહેરૂનગર મદ્રાસી મંદીર પાસે અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૨૫/૧૧/૨૦૨૧ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે લાકડાની વળી સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જી.વાઘેલા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.